# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે નવી દિલ્હીમાં નીતી આયોગની સંચાલન પરિષદમાં હાજરી આપશે**
- **ગુજરાત સરકાર ભારતીય સેનાના અગ્નિવીરોને રાજ્યમાં હથિયારધારી પોલીસ અને રાજ્ય અનામત પોલિસ દળ - એસઆરપીની ભરતીમાં પ્રાથમિકતા આપશે**
- **રાજ્યમાં છેલ્લાં 24 કલાકમાં ચાંદીપુરા વાઇરસથી વધુ ચારનાં મૃત્યુ**
- **બનાસ ડેરી અને સુઝુકી વચ્ચે 250 કરોડ રૂપિયાનાં ખર્ચે પાંચ બાયો સીએનજી પ્લાન્ટ સ્થાપવા કરાર**
- **હવામાન વિભાગની આજે સુરત, નવસારી, વલસાડ જિલ્લામાં અતિ ભારે વરસાદની આગાહી**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PM - GOVERNING COUNCIL

આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે નિતી આયોગની સંચાલન પરિષદની નવમી બેઠક દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્રમાં યોજાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આ બેઠકમાં ભાગ લેશે. આ બેઠકની વિષયવસ્તુ છે વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવો. આ બેઠકમાં વિકસિત ભારતના દ્રષ્ટિકોણ અંગેના દસ્તાવેજ પર ચર્ચાવિચારણા થશે.

નિતીઆયોગના સૂત્રોના જણાવ્યા મુજબ દેશના નાગરિકોના જીવન ધોરણની ગુણવત્તામાં વધારો કરવા કેન્દ્ર અને રાજય સરકારો વચ્ચે સહકાર અને સુશાસનને કેન્દ્રમાં રાખવાની બાબત આ ચર્ચાના કેન્દ્રમાં રહેશે. એવી જ રીતે વિકસિત ભારતનું ધ્યેય હાંસલ કરવામાં રાજયોની ભૂમિકા અંગે બેઠકમાં ચર્ચાવિચારણા કરાશે.

---------------------------------------------------------------------

-રીપીટ

# Agnivir

ગુજરાત સરકાર ભારતીય સેનાના અગ્નિવીરોને રાજ્યમાં હથિયારધારી પોલીસ અને રાજ્ય અનામત પોલિસ દળ-એસઆરપીની ભરતીમાં પ્રાથમિકતા આપશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોશિયલ મિડિયા પોસ્ટમાં ગઇકાલે જણાવ્યું હતું કે, અગ્નિપથ યોજના અને અગ્નિવીરોના મુદ્દે વિપક્ષ દ્વારા જે ભ્રમ ફેલાવવામા આવી રહ્યો છે તે પાયાહીન છે.

-----------------------------------------------------------------------

- સોશિયલ મિડિયા અનિલ

-(NAVIN)

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

---

-રીપીટ

# CHANDIPURA

રાજ્યમાં છેલ્લાં 24 કલાકમાં ચાંદીપુરા વાઇરસના નવા ત્રણ કેસો નોંધાયા છે અને વધુ ચારનાં મૃત્યુ થયા છે. આ સાથે રાજ્યમાં ચાંદીપુરાના શંકાસ્પદ કેસનો કુલ આંક વધીને 127 અને મૃત્યુઆંક 48 થયો છે. હાલમાં રાજ્યમાં 42 દર્દી દાખલ છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે, સૌથી વધુ 12 કેસ સાબરકાંઠામાં જિલ્લો અને અમદાવાદ શહેરમાં નોંધાયા છે, જ્યારે આ રોગથી સૌથી વધુ છ બાળકોનાં મૃત્યુ પંચમહાલમાં નોંધાયા છે. હાલમાં એન્કેફેલાઇટીસના 42 દર્દી સારવાર હેઠળ છે. આરોગ્ય વિભાગ દ્વારા કુલ પાંચ લાખ 45 હજાર કાચા ઘરોમાં મેલેથિયોન પાઉડરથી ડસ્ટિંગની કામગીરી કરવામાં આવી છે.

દરમિયાન, રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ટુકડીઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આલ્ફા સાયફર મેથ્રીનનો IRS સ્પ્રેનો છંટકાવ  તેમજ મેલેથીયોનનું ડસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે.

---

- યાદી, પીટીસી રાજકોટ અનિલ -(NAVIN)

# Important notice

અગત્યની જાહેરાત

વિશેષ કારણોસર આકાશવાણી કેન્દ્ર પરથી પસાર થનારા ગુજરાતીમાં રાષ્ટ્રીય સમાચાર સવારે 7.45 થી 7.55 વાગ્યાને બદલે સવારે 9 થી 9.10 વાગે પ્રસારિત થશે. આજથી શરૂ કરીને 11 ઓગસ્ટ સુધી સવારના ગુજરાતીમાં રાષ્ટ્રીય સમાચાર હવે આપ 9 થી 9.10 મિનિટે સાંભળી શકશો.

------------------------------------------------------------------------

-પીટીસી, -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# SUZUKI - BANAS DAIRY MOU

જાપાનની સુઝુકી કંપની અને બનાસ ડેરી વચ્ચે નવા પાંચ બાયો સીએનજી પંપિંગ સ્ટેશન સ્થાપવા 250 કરોડ રૂપિયાના MOU કરાયા છે. બનાસ ડેરી ખાતે મારૂતી સુઝુકી કંપનીનાં ચેરમેન તોશી હીરો સુઝુકીએ જણાવ્યું હતું કે, વિશ્વની સૌપ્રથમ કાઉ ડંગ મોબોલીટીની શરૂઆત બનાસકાંઠાથી થશે. આ પ્રસંગે બનાસ ડેરીનાં ચેરમેન અને વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, બનાસ ડેરી પશુઓને દૂધનાં પૂરતા ભાવ આપવાની સાથે સાથે પશુઓના છાણની પણ ખરીદી કરે છે અને તેમાંથી અમે બાયો સીએનજી ગેસ તૈયાર કરીએ છીએ.

શ્રી ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે, સુઝુકી કંપની સાથે થયેલા 250 કરોડનાં MOUથી જિલ્લામાં 2025 સુધીમાં બીજા 5 બાયો સીએનજી સ્ટેશન બનશે અને ઈંધણની અછત જેવી સમસ્યાઓથી છુટકારો મળશે..

---

- અખબારી યાદી - બનાસકાંઠા -(NAVIN)

# RAIN

રાજ્યમાં છેલ્લાં 24 કલાકમાં વરસાદનું જોર ઘટ્યું છે. ગઈકાલે સવારે છ વાગ્યાથી રાત્રિનાં આઠ વાગ્યા સુધીમાં 82 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો. તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકામાં સૌથી વધુ બે ઇંચ, કુકરમુંડા તાલુકામાં દોઢ ઇંચ અને નિઝર તાલુકામાં એક ઇંચ વરસાદ પડ્યો હતો.

અમારા નવસારી જિલ્લાના પ્રતિનિધી અશોક પટેલ જણાવે છે કે, ઉપરવાસમાં ભારે વરસાદને પગલે શુક્રવારે સમગ્ર દિવસ દરમિયાન પૂર્ણા અને અંબિકા નદીમાં જળસપાટી વધતા પૂરને કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઇ ગયા હતા. ગઇકાલે રાત્રે 10 વાગ્યાથી જળ સપાટી ઘટીને અંબિકા નદીમાં 23.61 ફૂટ અને જ્યારે પૂર્ણા નદીમાં  28 ફૂટ પર પહોંચી ગઇ હતી. જળસપાટી ઘટતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. વહીવટી તંત્ર દ્વારા જિલ્લામાં 12 હજાર જેટલા ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

દરમિયાન, સુરત જિલ્લાના પ્રભારી અને નાણા તથા ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ગઈ કાલે સુરત મહાનગરપાલિકા ખાતે વરસાદની વર્તમાન સ્થિતિની સમીક્ષા બેઠક મળી હતી. શ્રી દેસાઇએ ચોમાસાની ઋતુ દરમિયાન ખાડી પુરની સ્થિતિનું કાયમી નિરાકરણ થાય તે માટે સૌને સાથે મળીને આયોજન હાથ ધરવા જણાવ્યું હતું.  અત્યાર સુધીમાં સુરતના છ ઝોનના ૧૮ વિસ્તારોમાંથી ૧૦૨૨ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ જિલ્લા ઉપરાંત કેન્દ્રશાસિત દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે અતિ વરસાદની અને પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી., રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દિવમાં ભારે વરસાદની આગાહી કરી છે.

-----------------------------------------------------------------------

---માહિતી ખાતુ, પીટીસી નવસારી અને સુરત. અનિલ

-(NAVIN)

# PG CET Exam

અનુસ્નાતક ઇજનેરી અને અનુસ્નાતક ફાર્મસી પ્રવેશ પરીક્ષા-પીજી સેટ ફરી એક વાર મોકૂફ રાખવામાં આવી છે.

રાજ્યમાં કેટલાંક જિલ્લામાં ભારે વરસાદને પગલે પુરની સ્થિતિ અને આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહીને જોતાં પ્રવેશ સમિતિ દ્વારા પીજી સેટ હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે. વરસાદની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ 30 જુલાઇએ નવી તારીખ જાહેર કરવામાં આવશે. હોલ ટિકિટ અને પરિક્ષાનાં સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

----------------------------------------------------------------------

-- ડેસ્ક અનિલ

-(NAVIN)

# MAHARASHTRA SAHITYA AWARD

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીએ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર ગુજરાતી સાહિત્યકારો માટે વર્ષ 2022-23ની સાહિત્ય પુરસ્કારોની જાહેરાત કરી છે. સત્તાવાર યાદી મુજબ, ઇશ્વરલાલ પરમારને કવિ નર્મદ ગુજરાતી સાહિત્ય પુરસ્કાર અપાશે.

એવી જ રીતે, સાહિત્ય ક્ષેત્રે તારિણી બહેન દેસાઇને, કલાક્ષેત્રે લલિતા પટેલને પત્રકારત્વ ક્ષેત્રે અક્ષય અંતાણીને તેમજ જન્મભૂમિ- સૌરાષ્ટ્ર ટ્રસ્ટને જીવન ગૌરવ પુરસ્કાર અપાશે. નવલકથા માટે નિરંજન મહેતાને અતિથી દેવો ભવઃ માટે ચૂનીલાલ મડિયા પુરસ્કાર એવી જ રીતે કવિતામાં ઉદયન ઠક્કર અને પ્રદિપ સંઘવીને હરીશચંદ્ર ભટ્ટ પુરસ્કાર અપાશે. લલિત નિબંધ ક્ષેત્રે નીલા સંઘવીને વાડીલાલ ડગલી પુરસ્કાર અપાશે. નવોદિત લેખકો માટેના યશવંત જોષી પુરસ્કાર માટે મીતા મેવાડા અને મમતા પટેલની પસંદગી થઇ છે.

આકાશવાણી મુંબઇમાં પ્રોગ્રામ એક્ઝીક્યુટીવ તરીકે કાર્યરત વૈશાલી ત્રિવેદીને અનુવાદ શ્રેણીમાં નટ સમ્રાટ માટે ગોપાળ રાવ વિદ્વાંસ પુરસ્કાર અપાશે...

---

-રીપીટ

# PATAN KHETI VAVETAR

પાટણ જિલ્લામાં ચાલુ સીઝનમાં અપેક્ષા કરતાં ઓછો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં અત્યારસુધી કુલ વાવેતર વિસ્તારનાં 60 ટકા જેટલું વાવેતર થયું છે. જિલ્લા ખેતીવાડી વિભાગની યાદી મુજબ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ 1 લાખ 73 હજાર 122 હેકટરમાં ખરીફ પાકોનું વાવતેર થયું છે.

ખરીફ પાકોમાં 24 હજાર 285 હેક્ટરમાં કપાસ, 19 હજાર 950 હેક્ટરમાં અડદ,85 હજાર 715 હેક્ટરમાં ઘાસચારો ,3 હજાર 560 હેક્ટરમાં મગ તેમજ 3 હજાર 134 હેક્ટરમાં તુવેર જેવા કઠોળ પાકનું વાવેતર નોંધાયું છે.

જિલ્લાના કેટલાક તાલુકાના  ગ્રામ્ય વિસ્તારોમાં છુટોછવાયો હળવો વરસાદ થતાં ખેતીના પાકોને જીવતદાન મળ્યું છે.

--------------------------------------------------------------------

- પાટણ - પીટીસી- સરફરાઝ નાગોરી

-(NAVIN)

# SPECIAL TRAIN

પશ્ચિમ રેલવેની યાદી અનુસાર, ગણપતિ મહોત્સવ દરમિયાન અમદાવાદથી કુડાલ અને અમદાવાદથી મેંગલુરુ સ્ટેશન વચ્ચે વિશેષ ભાડા પર બે સાપ્તાહિક વિશેષ ટ્રેનો ચલાવશે. જે મુજબ, અમદાવાદ–કુડાલ સાપ્તાહિક સ્પેશિયલ 3, 10 અને 17 સપ્ટેમ્બરનાં રોજ અમદાવાદથી સવારે સાડા નવ વાગ્યે ઉપડશે, જ્યારે કુડાલ-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ 4, 11 અને 18 સપ્ટેમ્બરનાં રોજ કુડાલથી સવારે 4.30 કલાકે ઉપડશે.

અમદાવાદ–મેંગલુરુ સાપ્તાહિક સ્પેશિયલ 6, 13 અને 20 સપ્ટેમ્બરનાં રોજ અમદાવાદથી સાંજે ચાર કલાકે ઉપડશે. મેંગલુરુ-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ 7, 14 અને 21 સપ્ટેમ્બરનાં રોજ મેંગલુરુથી રાત્રે 10.10 કલાકે ઉપડશે.

---

- હિન્દુસ્તાન સમાચાર-અનિલ પટેલ-યશ્વી